## જન્મદિને વધામણી



જયદિપ જયસુખલાલ જાટકીયા
મો. ૯૦૯૯૯ ૪૪૪૯૦



પુનિત ગિરીશચંદ્ર જાટકીયા
મો. ૯૦૯૯૯ ૪૪૪૯૦



કાનન ઓઝા
મો. ૯૮૨૪૦ ૯૬૨૯૩



પ્રાચી પી શાહ

### પીડીપીયુ સંલગ્ન સ્કૂલ ઑફ લિબરલ સ્ટડીઝ ખાતે

# ફાયર સેફટી અને ડાઈ વર્કશૉપનું આયોજન





ગાંધીનગરની પીડીપીયુ સંલગ્ન સ્કૂલ ઑફ લિબરલ સ્ટડીઝ દ્વારા 'ઓડિટ કોર્સ' અંતર્ગત 'એક્ષ્પોસર ટુ એનસીસી'ના વિદ્યાર્થીઓ માટે 'ફાયર સેફટી એન્ડ ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ' અને 'ટાઈ એન્ડ ડાઈ' વર્કશોપનું આયોજન સપ્ટેમ્બર ૧૫-૧૬ દરમિયાન કરવામાં આવ્યું હતું. કુલ ૪૭૬ વિદ્યાર્થીઓએ આ વર્કશોપમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ફાયર સેફટી એન્ડ ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ વર્કશોપ માટે મનીષભાઈ દેસાઈ એન્ડ ટિમ, ફાયર એન્ડ સેફ્ટી ઈન્ડુસટ્રીઅલ મૅનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ, બીલીમોરાથી તેમજ ટાઈ એન્ડ ડાયના વર્કશોપ માટે જાણીતા આર્ટિસ્ટ જયંતીભાઈ ચિતારા એન્ડ ટિમને બોલાવવામાં આવી હતી.



કમિશ્નર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ગાંધીનગર તેમજ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાની જમ્પ રોપ સ્પર્ધા પી આર ઠક્કર વિદ્યાવિહાર, મગોડીમાં યોજાઈ હતી, જેમાં સમગ્ર રાજ્યમાંથી કુલ ૮૦ ટીમોએ ભાગ લીધો હતો.

# સરકારી વિજ્ઞાન કૉલેજ લાયબ્રેરીમાં નવા વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન



ગાંધીનગર, તા. ૧૭

લાયબ્રેરી ડીપાર્ટમેન્ટ, સરકારી વિજ્ઞાન કોલેજ લાયબ્રેરીમાં તાજેતરમાં કોલેજના નવા વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

લાયબ્રેરી કમિટીના ચેરમેન જી. આર. પટેલ અને સી. સી. અમ્બાસના ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને લાયબ્રેરીના મહત્વ વિશે વાત કરી હતી. લાયબ્રેરીયન જયશ્રીબેન પંડ્યાએ વિદ્યાર્થીઓને લાયબ્રેરીના રિસોર્સસીસ, સર્વિસીસ અને નિયમો અને ઈ બુક્સ અને એ જર્નલસ નો કેવી રીતે ઍક્સેસ કરવો તેમજ કેટલા વિષયની કેટલી બુક્સ લાયબ્રેરીમાં છે તેના વિશે માહિતગાર કર્યા હતા.


લાયબ્રેરીના સ્વયંસેવક એવા ટીવાય બીએસસીના વિદ્યાર્થીઓએ પણ પોતાના ૩ વર્ષના લાયબ્રેરીના અનુભવો અભિવ્યક્ત કર્યા હતા અને નવા મિત્રોને લાયબ્રેરીની વિઝિટ કરાવી હતી. ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી ઍમ પટેલ કુમાર અને શ્રીમતી ઍચ વી પટેલ કન્યા બાલમંદિરમાં ગણેશોત્સવની ઉજવણીી કરવામાં આવી હતી. બાળકોને પણ ગણેશજીની જેમ માતા-પિતાની સેવા કરી જીવનને ધન્ય બનાવવાની શીખ આ પ્રસંગે આપવમાં આવી હતી.

### વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અંગે સંસ્કૃતમાં રચિત

# ડૉ. અંબાલાલ પ્રજાપતિના પુસ્તકનું પુ. મોરારિબાપુના હસ્તે વિમોચન



ગાંધીનગર, તા. ૧૭

મહુવા ખાતે કૈલાસ ગુરુકુલમાં તાજેતરમાં ૧૮મું સંસ્કૃત સત્ર યોજાયું હતું. આ દરમિયાન પ્રૉ. ડૉ. અંબાલાલ પ્રજાપતિ વિરચિત, ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જીવન અને કાર્યને આલેખતા ૧૮ સર્ગ અને ૫૩૫ શ્લોકોથી સંસ્કૃત ભાષામાં રચાયેલા પુસ્તક 'શ્રીનરેન્દ્રવિજયમહાકાવ્યમ'નું લોકાર્પણ પૂ. મોરારિબાપુના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જગદગુરુ આદિ શંકરાચાર્ય સંવાદગૃહમાં મોટી સંખ્યામાં સંસ્કૃત ભાષાના પંડિતોની ઉપસ્થિતિમાં મહાકાવ્યના સર્જકનું પુસ્તક અને શાલ અર્પણ કરી અભિવાદન પણ કરવામાં આવ્યું હતું. આ પુસ્તક વિશે વડાપ્રધાનનો પ્રેરક પ્રતિભાવ પણ સાંપડ્યો છે, જેમાં તેમણે જણાવ્યું છે કે 'કવિતા મન સે નીકલતી હૈ, પાઠક કો મન સો જોડતી હૈ. કાવ્ય કે ભાવ પઢનેવાલે કી સ્મૃતિયોં મેં હમેશા-હમેશા કે લિયે બસ જાતે હૈં... આપકી યહ પુસ્તક આધુનિક સંસ્કૃત સાહિત્ય મેં એક વિશેષ સ્થાન બનાએ ઔર દેશ કે વિકાસ કા સંદેશ જન-જન તક પહુંચાએ, ઐસી શુભકામના...'

ઉલ્લેખનીય છે કે સૅક્ટર-૨૧, ગાંધીનગરના રહેવાસી સંસ્કૃતમાં પીઍચડી થયેલા ડૉ. અંબાલાલ પ્રજાપતિ પિલવાઈ કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં સંસ્કૃત વિભાગના અધ્યક્ષ તેમજ કાર્યકારી કુલપતિ તરીકે પણ પોતાની ફરજ બજાવી ચૂક્યા છે. તેમના દ્વારા રચિત ચાર પુસ્તકોને ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કાર પણ પ્રાપ્ત થયા છે. તેમણે આ અગાઉ ૮ પુસ્તકોનું સર્જન કર્યું છે.

# વાર્તાતત્ત્વની દૃષ્ટિએ પહેલા ક્રમે મૂકવી પડે તેવી વાર્તાઓનો સંગ્રહ : છેલ્લો સીન







વાર્તાઓ જીવનના અંશરૂપે આપણી આસપાસ રહેતી અને અનુભૂતિની સઘનતામાંથી પસાર થઈને આવતી હોય છે. વાર્તાઓમાં સૂક્ષ્મ વિવરણનું પ્રાધાન્ય રહેલું હોય છે. વાચક જ્યારે વાર્તાઓ વાંચે છે ત્યારે તેનાં દશ્યો તેની આંખ સામે જીવંત બની જાય છે અને વાચક જાણે એ ઘટનામાં પોતે ક્યાંક છે તેવું પણ અનુભવવા લાગે છે. વાર્તાકાર પોતાની દરેક વાર્તામાં એવું કંઈક કરતા જોવા મળે છે કે આધુનિકતામાં ડૂબેલ માણસની જડતા તૂટે અને જીવનના સંઘર્ષમાં સંબંધોના તાણાવાણાને અનુભવે. વાર્તાતત્ત્વની દૃષ્ટિએ પહેલા ક્રમે મૂકવી પડે તેવી વાર્તાઓનો સંગ્રહ 'છેલ્લો સીન'ની વાત આજે આપ સૌની સમક્ષ મૂકવી છે.

'છેલ્લો સીન' અનંતરાય વ્યાસનો સંવેદનોના સ્ફૂરણમાંથી ઉદ્ભવેલો એવો વાર્તાસંગ્રહ છે, જેમાં જિંદગીના અઢળક સંઘર્ષો અને અનુભવોના નિચોડરૂપે લેખકે જે વાર્તાના કલાતત્વનો જાળવીને લખ્યું છે તો વાચનક્ષમ એટલા માટે છે કે અહીં મૂકાયેલ વાર્તાઓની ભાષા સામાન્ય બોલચાલની ભાષા જેવી સરળ છે. જે વિષયોને લઈને તેમણે અભિવ્યક્તિ કરી છે તે વર્તમાન સમાજથી અલગ નથી. આ વાર્તાઓ કાલ્પનિક નહીં પણ ઘટનાઓના પરિપ્રેક્ષ્યમાં આલેખાયેલી સંવેદનાની બહુમૂલ્ય મૂડી સમાન છે. તેની ભાષા પ્રાંજલ પ્રવાહવાળી અને સાંપ્રત છે. મને તો લાગે છે કે આ વાર્તાસંગ્રહ વાચકને સાચાં જીવનમૂલ્યો પ્રત્યે સકારાત્મક દૃષ્ટિકોણ અપનાવવાની પ્રેરણા પૂરી પાડશે.

'છેલ્લો સીન' વાર્તાસંગ્રહમાં આપણને કુલ ૧૮ વાર્તાઓ મળે છે. પ્રકાશનની જવાબદારી સ્વીકારવા સાથે વાર્તાઓના મૂળ તત્ત્વ તરફ વાચકને અંગૂલીનિર્દેશ કરતી કુંતલ નિમાવતની પ્રસ્તાવના વાચકને વાર્તાઓનું પઠન કરવા મજબૂર કરે તેવી મજબૂત છે. 'સંવેદનાનો સંગ્રહ' શિર્ષકથી તેમણે મહત્ત્વપૂર્ણ વાર્તાઓની એવી ક્ષણોને આલેખી છે કે વાચક તેના તરફ આકર્ષાયા વિના નહીં રહે.

સંગ્રહની પહેલી વાર્તા 'લોહીનો રંગ' એક હિંદુ શિક્ષિકા મુસ્લિમ વિસ્તારની શાળામાં જીવનભર રહી કટ્ટરતા સામે ટક્કર લે છે તેની છે. તેમાં છેલ્લે હિંદુ-મુસ્લિમ એકતાની વાત જરા જૂદી રીતે કરતાં લેખકે નોંધ્યું છે કે બંનેનો રક્તપ્રવાહ સાથે જ વહ્યો, સૌએ જોયું કે બંનેના લોહીનો રંગ તો એક જ હતો ! તો પછી... (પાન નં. ૧૩)

'જો થઈ છે' વાર્તામાં પોલીસનું ખિસ્સું કાપી જતી ઉસ્તાદ મહિલાની વાત આલેખાઈ છે. તેમાં પોલીસ ન હોવા છતાં ખાખી કપડાં પહેરી રોફ મારવા જતા કનુની વાત લેખકે ખૂબ હળવી રીતે આલેખી છે. (પાન નં. ૧૭)

વાર્તાઓમાં લેખકે વિષય વૈવિધ્ય પણ જાળવ્યું છે. કોમી એકતાની, યુવાનોની મિત્રતાની, સહજીવનમાં જોવા મળતી વફાદારી કે માનસિક અધઃપતનની, પતિ-પત્નીની, માનવતાની અને સાસુ-વહુના સંસારજીવનની વાતો પણ અહીં સુંદર રીતે સમાવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે 'છેલ્લો સીન' વાર્તાસંગ્રહમાંથી પસાર થતાં વાર્તાઓના પ્રારંભમાં ક્યાંક સામ્યતા નથી. પ્રત્યેક વાર્તાની શરૂઆત અલગ રીતે થાય છે. કુંતલ નિમાવતના કથન મુજબ ક્યાંક શાંત રસથી સામાન્ય રીતે વાતનો ઉઘાડ થાય છે તો ક્યાંક ચાલુ ક્રિયામાં લેખક આપણને વાર્તા સાથે જોડી લે છે. એવું જ વાર્તાના અંતનું પણ છે. વાર્તાનો અંત એવો હોવો જોઈએ જે મનમાં છાપ છોડી જાય. વાર્તાના અંત લેખકે ચોટદાર આપ્યા છે. વાર્તાતત્ત્વની યોગ્ય માવજત અને અંતને કારણે તે પ્રભાવક બની છે. 'લોહીનો રંગ', 'પતિવ્રતા', 'છેલ્લો સીન', 'પતિતા', 'જીત' અનેક રીતે મહત્ત્વપૂર્ણ વાર્તાઓ લાગ્યા વિના રહેતી નથી.

'છેલ્લો સીન' વાર્તાસંગ્રહના લેખક અનંતરાય વ્યાસનાં આ અગાઉ 'અનંતનું અંતર' તેમજ બાળવાર્તાનાં પાંચ પુસ્તકો ઉપરાંત 'સુત્રાત્મક ગીતા', 'ઉપનિષદ મંત્રમાળા' અને 'મુનીભાવન' વગેરે અધ્યાત્મનાં પુસ્તકો અગાઉ પ્રગટ થયેલાં છે. વાર્તાઓનો આ મનભાવન સંગ્રહ આપવા બદલ લેખકને ધન્યવાદ પાઠવું છું.

પુસ્તક : છેલ્લો સીન (વાર્તાસંગ્રહ)
લેખક : અનંતરાય વ્યાસ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮, કિંમત રૂા. ૧૨૦/-
પ્રકાશક : કુંતલ નિમાવત - જીવરાજ ચૌધરી, બનાસ પબ્લિકેશન, ગાંધીનગર
મો. ૯૮૨૪૫ ૧૦૧૪૫

## અવકાશમાં મોકલવા વ્યક્તિઓની પસંદગી માટેની પ્રક્રિયામાં એરફોર્સ પણ સામેલ થશે

ગાંધીનગર, તા. ૧૭

૨૦૨૨ સુધીમાં ભારત પણ અવકાશમાં માનવીને મોકલી શકશે એવા વડા પ્રધાન મોદીએ વ્યક્ત કરેલા વિશ્વાસને સાકાર કરવા માનવીઓની પસંદગીની પ્રક્રિયામાં ઈન્ડિયન એરફોર્સ પણ મદદ કરશે, એવું એર ચીફ માર્શલ બી.એસ.ધનોઆએ કહ્યું હતું. અગાઉ ઈન્સટીટયુટ ઓફ એરોસ્પેસ મેડિસીન્સ સક્રિય રીતે આ પ્રક્રિયામાં સામેલ હતી. હવે અમે એમાં સામેલ થઈશું. મને ખાતરી છે કે ટુંક સમયમાં જ અમે આ કામ પુરૂં કરી શકીશું એમ તેમણે પોતાના પ્રથમ પ્રવચનમાં કહ્યું હતું.

# ૧૯મીથી કેઍસવીના યુવક મહોત્સવનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૧૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના યજમાન પદે આંતર કૉલેજ યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૮'નો તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ રંગારંગ વાતાવરણમાં પ્રારંભ થઈ રહ્યો છે.

૨૭ જેટલી સ્પર્ધાઓમાં કૉમર્સ, મૅનેજમૅન્ટ, સાયન્સ, ઍન્જિનીયરિંગ, નર્સિંગ, ઍજ્યુકેશન વગેરે ફૅકલ્ટીના ૨૦૪૫ યુવા કલાકારો પોતાની કલાપ્રતિભા દર્શાવશે.

આ યુવક મહોત્સવના ઉદ્ઘાટન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે 'બસ એક ચાન્સ', 'છેલ્લો દિવસ', 'દાવ થઈ ગયો યાર' અને 'શું થયું' જેવી ગુજરાતી ફિલ્મોમાં અભિનય કરી ચૂકેલા ગુજરાતી કલાકાર મિત્ર ગઢવી ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ તરીકે કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં કાર્યકારી ડિરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનું ઉદ્ઘાટન સંસ્થાના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ ઍમ પટેલના વરદ હસ્તે કરવામાં આવશે. સાથે-સાથે ઉદ્ઘાટન સમારંભમાં ઉપસ્થિત મહેમાનોના હસ્તે 'સંગત-૨૦૧૮' યુવક મહોત્સવની સ્મરણિકાનું વિમોચન પણ કરવામાં આવશે.

આ યુવક મહોત્સવમાં સંગીત, નૃત્ય, નાટ્ય, સાહિત્ય, ચિત્રકલાને લગતી ૨૭ જેટલી વિવિધ સ્પર્ધાઓ ઍલડીઆરપી ઍમટીઆર હૉલ, બ્રહ્માણી કૃપા હૉલ, શેઠ ખીમજી વિશરામ હૉલ તથા બીએડ કૉલેજ હૉલમાં યોજવામાં આવશે. ૧૯મીએ સવારે ૯થી ૧૨ દરમિયાન યુવક મહોત્સવનો શુભારંભ કરવામાં આવશે અને ત્યારબાદ ૧૨ કલાકથી વિવિધ સ્પર્ધાઓનો આરંભ કરવામાં આવશે. યુવક મહોત્સવને સફળ બનાવવા માટે સંયોજક ડૉ. વિજ્ઞા ઓઝા અને સહ સંયોજક ડૉ. રણછોડ રથવી સહિત સમગ્ર કૉલેજ સ્ટાફ જહેમત ઉઠાવી રહ્યો છે.

# ગણપત યુનિવર્સિટી દ્વારા ઍન્જિનીયર ડેની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૭

ભારતના સિવિલ ઍન્જિનીયરિંગ ક્ષેત્રના ભીષ્મ પિતામહ તરીકે જગતભરમાં ખ્યાતિ પામેલા 'ભારતરત્ન' સર ઍમ વિશ્વેસ્વરૈયાના જન્મદિવસ નિમિત્તે ઉજવાતા 'ઍન્જિનીયરિંગ દિવસ'ના ભાગરૂપે ગણપત યુનિવર્સિટીના આંગણે ગત સપ્તાહમાં ત્રિદલ સમા ઉત્સવનું આયોજન થયું હતું.

બૅંગ્લોરની સુપ્રતિષ્ઠિત ઈન્સ્ટીટ્યુટ 'ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ'ના ઍરોસ્પેસ ઍન્જિનીયરિંગ ડિપાર્ટમેન્ટના પ્રૉફેસર તેમજ સૅન્ટર ઑફ ઍક્સલન્સ ઈન હાઈપર સોનિક્સના ફાઉન્ડર ચેરમેન ડૉ. જગદીશ ગોપાલનનું વિશેષ વ્યાખ્યાન યોજાયું હતું, જેનો વિષય હતો 'ધી એનિગ્મા ઓફ સાયન્સ, એન્જિનીયરિંગ એન્ડ ટેકનોલોજી એન્ડ સ્ટોરી ઓફ એનચાન્ટિંગ વેવ્સ'.






તો બીજો મહત્ત્વનો કાર્યક્રમ હતો એક ઍમઓયુ સાઈનિંગ સેરિમનીનો. જેમાં ગણપત યુનિવર્સિટી અને અભ્યુદય ટેકનો ઈકોનોમિક કન્સલ્ટન્ટ પ્રાઈવેટ લિમિટેડ વચ્ચે ઈન્ડિઝનાઈઝેશન, ઈનોવેશન એન્ડ ઈન્ક્યુબેશન ઈન ડિફેન્સ સેક્ટર વિષેનો ઍમઓયુ સાઈન કરવામાં આવ્યો હતો.

આ ઍન્જિનીયર્સ ડેની ઉજવણીના ભાગરૂપે ત્રીજો અને છોગારૂપ કાર્યક્રમ હતો ગણપત યુનિવર્સિટીની અંગભૂત એવી યુ વી પટેલ કૉલેજ ઑફ ઍન્જિનીયરિંગના આઠ જેટલા ચુનંદા અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનવાનો.

આ સમગ્ર ઉજવણીને સફળ અને સાર્થક બનાવવાના કાર્યમાં પ્રૉ. ડૉ. કિરણ અમીન, રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ, પ્રૉ. આનંદ મંકોડિયા સહિત અનેક પ્રાધ્યાપકો અને ઉત્સાહી વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.